# સૌને સ્વાર્થ ફસાવે છે

અવારનવાર સાંભળવા અને છાપામાં વાંચવા મળે છે કે 'અમુક સ્વામીજીએ અમુક બહેનને પોતાની સંમોહન અને વશીકરણ વિદ્યાથી જાળમાં ફસાવી અને અમુક પ્રધાન ઉપર એવી ભૂરકી નાખી કે તે પ્રધાન સ્વામીજીની આંખે જ ભાળે છે.'

ઉપરની વાતોમાં સત્ય જે હોય તે, પરંતુ આવી વાતો તટસ્થપણે કાંઈક આત્મખોજ કરવાનો મોકો જરૂર ઊભો કરે છે. જેમકે-

શું સ્વામીજીઓ કોઈને ફસાવે છે ? કે તકસાધુઓ તન-મન-ધનથી સ્વામીજીઓને ચૂસી લેવા સ્વયં ફસાવાનું પસંદ કરીને સ્વામીજીઓને ફસાવે છે? આપણા મનમાં કદી એવો પ્રશ્ન ઊઠે છે - આપણને કદી એ સાચું લાગે છે કે આપણી બહેન-દીકરીએ કોઈ સ્વામીજીને ફસાવ્યા, કે આપણા પુત્ર-ભાઈએ કોઈ સ્વામિનીને ફસાવી ? આ રહસ્ય વિચારવા જેવું છે, ભલે અણગમતું હોય તોય. જો સ્વામીજીઓ ખરેખર જ સંમોહન કે વશીકરણ વિદ્યા જાણતા હોય તો શા માટે તેઓ પોતાની બદનામી થવા દે, પોતાની પ્રતિષ્ઠાના ફુરચા ઊડવા દે અને આવા સ્વમાનભંગના પ્રકરણને છાપાંઓ સુધી પહોંચવા દે? જો તેઓ સાચે જ ભૂરકી નાખવાનું જાણતા હોય તો શા માટે તેઓ છાપાવાળાઓ, પોલીસવાળાઓ અને વિરોધીઓ ઉપર પણ ભૂરકી નાખીને પોતાનું ધાર્યું ન કરાવે ? જરા સાવધાન થઈને આ વાત વિચારવા જેવી છે.

''ચોર કોટવાળને દંડે અને લોભે લક્ષણ જાય''ની જેમ અન્યોને ફસાવવા જતાં આપણે ફસાઈ જઈએ છીએ અને પછી 'મા મને કોઠીમાંથી બહાર કાઢ'-ની જેમ પછી તેમાંથી મુક્ત થવા હજાર જૂઠાણાંનો આશ્રય લેવા મજબૂર થઈએ છીએ.

આવા ફસવા-ફસાવવાના સમાચારો સામાન્યજનોને ભલે મનોરંજન અને કુતૂહલ પૂરું પાડે પણ જેને ચેતવું હોય તેને જરૂર ચેતાવે પણ છે.

કામ, ક્રોધ, મદ, લોભ કી; જબ લગ મન મેં ખાન;<br>
તબ લગ પંડિત મૂરખો, કબીરા એક સમાન.

કબીર સાહેબ કહે છે કે પંડિત હોવા છતાંય જો તેનામાં વિકારો ભરેલા હોય તો તે મૂર્ખ જ છે.

આપણને કોઈ ફસાવી શકતું નથી, સિવાય કે વિકારો. ચાહે આપણે ધનવાન, કુળવાન કે બળવાન હોઈએ; ચાહે મોટા પ્રધાન, પ્રતિષ્ઠાવાન કે સત્તાવાન હોઈએ; કે ચાહે મોટા દાનેશ્વરી, પુણ્યેશ્વરી કે ધર્મેશ્વરી હોઈએ; પણ તો ય તેની કાંઈ કિંમત નથી, જ્યાં સુધી વિકારોના કાબૂમાં છીએ. કારણ કે વિકારો તો આપણને પોતાની મરજી મુજબ ફસાવશે-નચાવશે અને આપણા મોભા અને પ્રતિષ્ઠાનાં ચીંથરાં ઉડાડી દેશે.

''વશીકરણ યહ મંત્ર હૈ, તજ દે વચન કઠોર.''

અનુભવીઓ તો સરળ વાણી અને સરળ જીવનને જ વશીકરણ કહે છે, આ જ સાચું વશીકરણ છે. આવા વશીકરણથી જ આ ભવ અને પરભવ સુધરે છે. ''બહુજનહિતાય-બહુજનસુખાય''નો અમોઘ મહામંત્ર જેણે જીવનમાં અપનાવ્યો છે તેની સન્મુખ મારણ, મોહન, ઉચ્ચાટન વગેરે પ્રયોગો હાથ જોડીને ઊભા રહે છે. પણ આપણે એવા અવળચંડા છીએ કે જીવતી માને મૂકીને મરેલી માને ધાવવા દોડીએ છીએ ! ખરો મંત્ર પડતો મૂકીને કોઈ અગડમ્-બગડમ્ મંત્ર ગોખવા લાગી જઈએ છીએ ! પછી-

પછી સ્વામીજીઓ બિચારા શું કરે ?
લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે.

દીવાને દેખીને પતંગિયું ઝંપલાવે અને મોતને ભેટે અને ક્યારેક તો દીવાને પણ બુઝાવી દે તો તેમાં દીપકનો શું દોષ ? દીપક તો સ્વયં બળીને ઘણાંને પ્રકાશ આપી રહ્યો છે. કોઈ ગાંડા-ઘેલા-સ્વાર્થી તેમાં ઝંપલાવે તેથી તેણે ન પ્રકાશવું ? ગાંડા-ઘેલાની બીકે અન્યોને પણ અંધારામાં રાખવા ?

જેમ અનાજની જોડે ધનેડાં દળાઈ જાય છે અને સૂકાની સાથે લીલું પણ બળી જાય છે તેમ ખોટાની જોડે સાચા પણ ગણાઈ જાય તો નુકસાન કોને? જે સાચા હોય તેની ગણતરી ખોટા જોડે થવા લાગે તો તેથી સાચાને કાંઈ નુકસાન નહીં પણ આપણને સાચાનો લાભ ન મળે; તેથી આપણને નુકસાન મોટું. માટે આપણે જો લાભથી વંચિત ન રહેવું હોય તો કોઈપણ પરિસ્થિતિમાં સાચાને ખોટા ન ગણીએ. કદાચ પૂરી ચકાસણીના અભાવે એકાધ કોઈ ખોટો સાચામાં ગણાઈ જતો હોય તો ભલે ગણાઈ જાય, પણ કદી કોઈ સાચાને ખોટાની ગણતરીમાં મૂકવાની ભૂલ ન કરીએ. શ્રી રાધાકૃષ્ણન્ કહેતા તે ખૂબ યોગ્ય હતું કે સો ખોટા ભલે સાચામાં ગણાય પણ એક સાચો ખોટામાં ન ગણાવો જોઈએ.

'એક હાથે તાલી ના પડે.' અપહરણ વગેરેના કિસ્સાઓ છાપનાર, વાંચનાર, લખનાર સૌ તેમાં વત્તેઓછે અંશે ગુનેગાર ગણાઈએ. બાજુના ઘરમાં લાગેલી આગને ઠારવામાં મદદ ન કરીએ અને એક તમાશા તરીકે જોતાં રહીએ તો તે આગ આપણા ઘર સુધી પહોંચવાની જ. જો પોતાનું ઘર સંપૂર્ણ સલામત રાખવું હોય તો વહેલામાં વહેલી તકે પડોશીના ઘરની આગને બુઝાવવા, વગર બોલાવ્યે દોડી જવું જોઈએ. આપણા સ્થાનથી ઘણે દૂર કાંઈક અઘટિત બનવાનું છે તેની આપણને ગંધ આવે છે ત્યારે ''આપણે શું'' એમ માનીને આપણે નિષ્ક્રિય રહીએ છીએ. પણ તેનો રેલો ધીમે ધીમે ઠેઠ આપણા પગ સુધી આવી ધમકે છે ત્યારે હાંફળા-ફાંફળા થઈ જઈએ છીએ. પણ પછી ''અબ પછતાકર હોત ક્યા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત'' જેવું થાય છે.

આપણો છોકરો મહાનાલાયક હોય અને બીજા ઘણા છોકરાઓને બગાડતો હોય તોય આપણને તો એમ જ લાગે છે કે બીજા છોકરાઓ આપણા છોકરાને બગાડે છે અને આથી આપણી લાગવગ અને પૈસાના જોરે નિર્દોષ છોકરાઓનાં જ માથાં ભંગાતાં હોય છે. **નિર્દોષ દંડાય છે ત્યારે એના હૃદયમાં એક ભયંકર અદમ્ય ચિત્કાર ઊઠે છે અને તે ચિત્કાર જ વહેલે-મોડે તેને એક મહાગુનેગાર બનાવી દે છે** અને આપણા ડાહ્યાડમરા લાગતા આપણા પુત્રરત્ન (!) પણ આપણને ઘડપણમાં ખબર પાડી દે છે.

'લાલો લાભ વિના ના લોટે'ની જેમ આપણે પણ આપણી અનેક મેલી મુરાદોને પોષવા આપણાં આશ્રિતોને વધુ પડતી અણછાજતી છૂટો આપતા હોઈએ છીએ. પ્રારંભમાં તો આ પ્રકરણમાં ફાવટ આવતી લાગે છે પણ જ્યારે એ ખબર પડે છે કે આપણી મેલી મુરાદોનો દોરીસંચાર આપણા હાથમાં નથી રહ્યો ત્યારે માથાં પટકવાં પડે છે, અનેકોને તેમાં સંડોવાવું પડે છે અને પોતાના હૃદયના ટુકડા જેવાં પોતાનાં દીકરા-દીકરીને ખોવાં પડે છે. આનું નામ જ લોભે લક્ષણ-સુલક્ષણ જાય.

પાખંડીઓ પોતાની હોંશિયારીથી કોઈને ફસાવવામાં સફળ થાય છે કે ફસનાર વ્યક્તિનું 'અસંતોષી જીવન' પાખંડીને સફળતા અપાવે છે ? ભાવનાશીલ અસંતોષી જીવ થોડી હમદર્દીભરી વાણી સાંભળવા માટે પણ તલસતો હોય છે. ત્યારે તેને હમદર્દી ઉપરાંત બીજું પણ ઘણું બધું જ્યાં મળવા લાગે છે ત્યાં

તે વિવેકાંધ બનીને મર્યાદાનાં બંધનોને તોડી નાખે છે અને પોતાના હાલના અયોગ્ય વર્તનથી ભવિષ્યમાં પોતાના ઉપર આવી પડનારા દુઃખના ડુંગરોથી પણ બેપરવા થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં તકસાધુઓની મેલી મુરાદો સફળ થાય તેમાં શું નવાઈ ! ખરેખર આ પ્રકરણ આંતરખોજનું છે.

પાખંડીઓ અને ગુનેગારોને શિક્ષા કરવાનું કાર્ય કાયદો પોતાની રીતે કરે જ છે પણ આવા કિસ્સાઓમાં કેવળ કાયદો જ પૂરતો નથી. ફસનારાંઓનો અસંતોષ ટળે અને તેમની ભાવુકતા પોષાય તેવા યથાસંભવ-યથાયોગ્ય પ્રયત્નો તેઓના ફસાયા પહેલાં થવા ઘટે. ફસનારાંઓ ફસાવનારાંઓનો શિકાર બની ગયા પછી તેમને છોડાવવા માટે આપણે જે આકાશ-પાતાળ એક કરવાનો ભીષણ પુરુષાર્થ કરીએ છીએ અને પૈસા અને પેટ્રોલને પાણીની જેમ વહાવવા માટે જેટલા ઉદાર થઈએ છીએ તેનાથી ચોથા ભાગના પણ ઉદાર જો પહેલાં થઈએ તો ?

આવી વાતો કહેવી અને લખવી જેટલી સહેલી છે તેટલું તેનું વર્તન સહેલું નથી એ ખરું. તેથી કહ્યું છે કે

"કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;
કરની કહે ઔર રહની રહે, ઐસા વિરલા કોક !"

પણ આત્મખોજ કરનારાઓ માટે આવી વાતો જરૂર ઉપયોગી નીવડે.
અને જો સ્વામીજીઓ પણ આવી નિષ્ઠાવાળા હોય કે

"ઠગિની ! શું નૈના ઠમકાવે ! કબીર તેરે હાથ ન આવે"

અને

"સાધી સમાધિ રામની, ત્યાં કામિની શું કામની !"

તો બંને પક્ષે સુખશાંતિ રહે.

ચેતવું હોય તેમને આવા પ્રસંગો ચેતવીને તેના 'માંહ્યલા'ને ઢંઢોળવા પ્રોત્સાહિત કરે છે. હૃદય-પરિવર્તનના પ્રકરણમાં કેવળ કાયદો સફળ સાબિત નહીં થાય. અસ્તુ.

સાચા સંતો આપણી નજીકમાં જ રહેતા હોય પણ તેમની સરળતા અને સાદાઈના કારણે તેમનું સંતપણું ગુપ્ત હોય અને તેથી સામાન્ય જનસમાજ ભલે તેમને ઓળખી શકતો ન હોય પણ તેવા ગુપ્ત સંતોને તેમના ગુપ્ત સ્થાનમાંથી, (સ્થાન નજીક હોવા છતાં તે સ્થાનને ન જાણતા હોવાના કારણે તે સ્થાનને અહીં 'ગુપ્ત સ્થાન' કહ્યું છે) જો ધારે તો લેખકો, પત્રકારો અને જાણકારો વગેરે તેમનો પરિચય આપીને, સમાજને મદદગાર થઈ શકે. આત્મમંથન કરવું અને અંતર્મુખ થવું એ પણ સાચા સંતોને શોધવા-મળવા બરાબર છે. કદાચ બીજું કાંઈ ન કરી શકીએ અને ફક્ત આટલું કબીરજીના કહ્યા મુજબ કરીએ કે: "કર સાહેબકી બંદગી ઔર ભૂખે કો અન્ન દે." તો પણ ઘણું છે. અસ્તુ.

એક એક અંગ મળીને જેમ વ્યષ્ટિશરીર બને છે તેમ વિશ્વનાં સમસ્ત શરીરો મળીને એક સમષ્ટિ-વિરાટ શરીર બને છે. શરીરના કોઈપણ અંગમાં થતું સુખદુઃખ જેમ આખું શરીર અનુભવે છે તેમ કોઈ એક પણ જીવને- શરીરને થતી સુખદુઃખની અસર વત્તા-ઓછા પ્રમાણમાં આખા સમાજ ઉપર, આખા વિશ્વ ઉપર પ્રસરે છે. આ ન્યાયે આપણા સુખદુઃખની અસર અન્યો ઉપર અને અન્યોના સુખદુઃખની અસર આપણા ઉપર થયા વિના નહીં રહે. માટે ચેતીને ચાલીએ. બીજાંના દોષ જોવાના છોડીને આત્મખોજ કરીએ.